## (1) 'Global Forest Resources Assessment, 2020' વિશે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ ખાદ્ય અને કૃષિ સંસ્થા (FAO) દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(2) છેલ્લા 30 વર્ષોમાં 178 મિલિયન હેક્ટર જંગલનનો નાશ થયો છે.

(3) દરેક ખંડ પૈકી દક્ષિણ અમેરિકામાં સૌથી વધુ જંગલ વિસ્તાર ઘટયો છે.

(4) જંગલના નાશ થવાનો દર 2015થી 2020ના સમયગાળામાં ઘટયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ખાદ્ય અને કૃષિ સંસ્થા (FAO-Food and Agriculture Organization) દ્વારા 'Global Forest Resources Assessment, 2020' નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ, વિશ્વમાં છેલ્લા 30 વર્ષોમાં 178 મિલિયન હેક્ટર જંગલનો નાશ થયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આમ છતાં, જંગલના નાશ થવાનો દર ઘટી રહ્યો છે.

⇒ વર્ષ 2010થી 2015માં 12 મિલિયન હેક્ટર જંગલનો નાશ થયો હતો, જ્યારે વર્ષ 2015થી 2020માં 10 મિલિયન હેક્ટર જંગલનો નાશ થયો છે. આથી, 2015થી 2020માં જંગલ નાશ થવાના દરમાં ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ વિશ્વના ખંડ મુજબ જોઈએ તો સૌથી વધુ જંગલનો નાશ આફ્રિકામાં થયેલો છે અને ત્યારબાદ દક્ષિણ અમેરિકાનો ક્રમ આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ રિપોર્ટમાં 1990થી 2020ના સમયગાળાને તથા 236 જેટલાં દેશ અને પ્રદેશની માહિતીને ધ્યાનમાં લેવામાં આવી છે.

## (2) એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્ષ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ક્રમાંક આંતરરાષ્ટ્રીય ઊર્જા સંસ્થા (IEA) દ્વારા જાહેર કરવામાં આવ્યાં છે.
(2) આ સૂચકાંકમાં સ્વીડનનો પ્રથમ ક્રમ આવ્યો છે.
(3) આ વર્ષે ભારતના ક્રમાંકમાં 2 સ્થાનનો સુધારો થયો છે અને 74મો ક્રમ આવ્યો છે.
(4) રિપોર્ટ મુજબ, 75% જેટલાં દેશોએ તેની પર્યાવરણ ટકાઉક્ષમતા (Environmental Sustainability)માં સુધારો કર્યો છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા 115 દેશો માટે 'એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્ષ' પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સૂચકાંકમાં દરેક દેશની એનર્જી સિસ્ટમને તથા અન્ય માપદંડોને ધ્યાનમાં લેવામાં આવ્યાં છે.

⇛ સતત ત્રીજા વર્ષે સ્વીડનનો આ સૂચકાંકમાં પ્રથમ ક્રમ આવ્યો છે. ત્યારબાદ સ્વિત્ઝરલેન્ડ અને ફિનલેન્ડનો ક્રમ આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વર્ષે ભારતનો ક્રમ 74મો આવ્યો છે જે 2 સ્થાનનો સુધારો સૂચવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતને મુખ્ય ફાયદો સરકારના પ્રયત્નો જેવાં કે 275 GWની પુનઃપ્રાપ્ય ઊર્જાનું લક્ષ્ય, LED બલ્બ વગેરે દ્વારા થયો છે.

⇛ સૂચકાંકમાં જણાવવામાં આવ્યું છે કે આશરે 75% જેટલાં દેશોની પર્યાવરણ ટકાઉક્ષમતામાં સુધારો થયો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) આર્મી દ્વારા ભલામણ કરવામાં આવેલ "ટુર ઓફ ડ્યુટી" વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અંતર્ગત નાગરિકો ત્રણ વર્ષ માટે આર્મીમાં જોડાય શકશે.

(2) આ દ્વારા આર્મીના નાણાકીય બોજમાં ઘટાડો કરી શકાશે.

(3) આ ભલામણમાં માત્ર અન્ય રેન્ક (ORs)માં સ્થાન મળશે અને ઓફિસરની પોસ્ટ પર જોડાય શકાશે નહીં.

(4) નાગરિકો માટેની સિલેકશન પ્રક્રિયામાં થોડી ઘણી છૂટ–છાટ આપવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આર્મી દ્વારા સ્વૈચ્છાએ નાગરિકોની 3 વર્ષની સૈન્ય સેવા માટેની ભલામણ સરકારને કરવામાં આવી છે, આ વિચારને 'ટુર ઓફ ડ્યુટી' (Tour of Duty) કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ અંતર્ગત નાગરિકો ઓફિસર તથા અન્ય રેન્ક એમ બન્નેમાં જોડાય શકશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ એક નવીન પ્રયાસ તથા ટૂંકા ગાળાની સેવા હોવા છતાં સિલેકશન પ્રક્રિયામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ દ્વારા આર્મીને ઘણાં લાભ થશે. જેમ કે, આર્મીના નાણાકીય બોજમાં ઘટાડો થશે કેમ કે, આ 'ટુર ઓફ ડ્યુટી'માં તાલીમ, સેલેરી, અન્ય સેવાઓ વગેરેનો ખર્ચ ઘટી જશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ નાણાકીય લાભથી આર્મીને આધુનિક બનાવવામાં પણ ફાયદો થઈ શકશે.

⇛ આર્મીના આ અનુભવ બાદ યુવાઓને વધુ સારી નોકરી પણ મળી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ સમૂહની સ્થાપના વર્ષ 2001માં કરવામાં આવી હતી.

(2) તેનુંવડુંમથક શાંઘાઈમાં આવેલું છે.

(3) તેમાં કુલ 9 સભ્ય દેશ છે.

(4) વસતી અને ભૌગોલિક આવરણની દષ્ટિએ તે વિશ્વની સૌથી મોટી ક્ષેત્રીય સંસ્થા છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના વિદેશ મંત્રીઓની એક વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં COVID-19 અને અફઘાનિસ્તાનની પરિસ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

⇛ SCOની સ્થાપના વર્ષ 2001માં થઈ હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સંસ્થા/સમૂહનું વડુંમથક ચીનના બિજીંગમાં આવેલું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પરસ્પરની સલામતી માટેની તથા રાજકીય–આર્થિક પ્રકારની ક્ષેત્રીય સંસ્થા છે.

⇛ આ સંસ્થા વિશ્વની લગભગ અડધી વસતીને આવરે છે તથા યુરેશિયન ખંડનો 3/5 જેટલો ભાગ ધરાવે છે.

⇛ આમ, વસતી અને ભૌગોલિક આવરણની દષ્ટિએ તે વિશ્વની સૌથી મોટી ક્ષેત્રીય સંસ્થા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સમૂહમાં 8 સભ્ય દેશો છે :

(1) ચીન (2) ભારત (3) રશિયા (4) પાકિસ્તાન (5) કઝાકિસ્તાન
(6) કિર્ગીસ્તાન (7) તાજિકિસ્તાન (8) ઉઝબેકિસ્તાન

(આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) ડાયરેક્ટ સિડિંગ ઓફ રાઈસ (DSR-Direct Seeding of Rice) પદ્ધતિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેના દ્વારા પાણીની બચત થઈ શકે છે.

(2) આ પદ્ધતિમાં ઓછા શ્રમિકોની જરૂર પડે છે.

(3) આ પદ્ધતિમાં મિથેનનું ઉત્સર્જન ઓછું થાય છે.

(4) આ પદ્ધતિમાં જમીનનું લેવલીંગ કરવું જરૂરી છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ શ્રમિકોની અછતના કારણે પંજાબ અને હરિયાણાના ખેડૂતોએ ચોખા ઊગાડવા માટેની 'ડાયરેક્ટ સિડીંગ ઓફ રાઈસ' **DSR** પદ્ધતિ અપનાવી છે.

⇛ આ પદ્ધતિ દ્વારા એક અંદાજ મુજબ આશરે 25% પાણીની બચત થઈ શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ટ્રાન્સપ્લાન્ટેશનની જરૂર ન હોવાથી ઓછા શ્રમિકોની જરૂર પડે છે, જેથી શ્રમ–ખર્ચમાં પણ બચત થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પદ્ધતિમાં ખેતરમાં ઓછો સમય પાણી રાખવાનું હોવાથી મિથેનનું ઉત્સર્જન પણ ઓછું થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પદ્ધતિમાં ટ્રેક્ટર તથા મશીન દ્વારા બીજ રોપવાના હોવાથી જમીનનું લેવલીંગ કરવું જરૂર છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉપરાંત તેમાં બીજ રોપવા માટે ટાઈમીંગ રાખવું જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT